श्रीहिररायजीकृत

# विंशग्रन्थानुक्रमणिका

શ્રીહિરરાય મહાપ્રભુ વિરચિત વિંશ(વીસ)ગ્રંથાનુક્રમણિકા

અનુવાદ તથા વિવેચન : ડો.શ્રીરમેશભાઈ જી. શાહ, ડભોઈ.

**तत्रादौ चिन्तासन्तानेति मङ्गलाचरणं पठित्वा ग्रन्थपाठारम्भः कार्यः ।।**

તેમા (એટલે કે વૈષ્ણવોએ સ્વમાર્ગીય કયા ગ્રંથોનો નિત્યપાઠ કરવો એના અનુક્રમની બાબતમાં) સર્વ પ્રથમ-ચિંતાસંતાનહન્તારો....વગેરે મંગલાચરણના શ્લોકોનું પઠન કરીને (અર્થાત્ શ્લોકો બોલીને) પછીજ ગ્રંથોના પાઠનો આરંભ કરવો જોઈએ.

**सर्वोत्तमग्रन्थः।।**

**तत्र श्रीमदाचार्याणां स्वरूपधर्मनिरूपणपूर्वकनाम निरूपणम् । तेन भक्तिमार्गप्रतिबन्धनिवृत्तिपूर्वकभक्तिरसास्वादः ।।१।।**

સવોત્તમસ્તોત્ર એ નામનો ગ્રંથ તેમાં (તે ગ્રંથમાં) શ્રીમદ્વલ્લભાચાર્યચરણના સ્વરૂપ અને ધર્મના નિરૂપણપૂર્વક નામોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેનાથી (તે સ્તોત્રનો પાઠ કરવાથી) ભક્તિમાર્ગના પ્રતિબંધો-અંતરાયો દૂર થાય છે તથા ભક્તિરસનો આસ્વાદ પ્રાપ્ત થાય છે (અનુભવાય છે) ।।૧।।

**श्रीवल्लभाष्टकम् ।।**

**तेनाविर्भावप्रयोजनादिधर्मयुतरसात्मकस्वरूपनिरूपणम् ।।२।।**

શ્રીવલ્લભાષ્ટકમ્ તેના પાઠથી શ્રીવલ્લભના આવિર્ભાવના પ્રયોજન વગેરે ધર્મોથી યુક્ત તેમના રસાત્મક-આધિદૈવિક સ્વરૂપનું નિરૂપણ (ભક્તિયુક્ત હૃદયમાં) અનુભવાય છે ।।૨।।

**श्रीकृष्णप्रेमामृतम् ।।**

**तेनान्तरङ्गबहिरङ्गैश्वर्यादिधर्मनिरूपणम् ।।३।।**

શ્રીકૃષ્ણ પ્રેમામૃતમ્ આ સ્તોત્ર એટલે સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃત સ્તોત્ર અથવા સપ્તશ્લોકી ગ્રંથ સમજવો. તેના પાઠથી શ્રીવલ્લભના અંતરંગ = અંદરના અને બહિરંગ = બહારના એમ દ્વિવિધ-બે પ્રકારના ઐશ્વર્યાદિ (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય) ધર્મોનું નિરૂપણ (ભક્તિયુક્ત અંતઃકરણમાં) અનુભવાય છે ।।૩।।

**श्रीनामरत्नाख्यग्रन्थः ।।**

**तेन श्रीगोस्वामिनां नामधर्मस्वरूपज्ञानं तत्कृपया तदङ्गीकारेण श्रीमदाचार्याणां नामस्वरूपधर्ममानं भवति ।।४।।**

શ્રીનામરત્નાખ્ય ગ્રંથ (આ ગ્રંથ શ્રીરઘુનાથજી કૃત છે અને તેમાં શ્રીગુંસાઈજીના ૧૦૮ નામોનું નિરૂપણ થયેલું છે,) તેના પાઠથી ગોસ્વામી શ્રીવિટ્ઠલનાથજી શ્રીગુંસાઈજીના નામ, ધર્મ અને સ્વરૂપનું જ્ઞાન થાય છે તથા તેમની કૃપાથી તેમના દ્વારા (જીવનો) અંગીકાર સ્વીકાર થવાથી શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીનાં નામ, સ્વરૂપ અને ધર્મનું જ્ઞાન (પણ) થાય છે ।।૪।।

**अथ श्रीमदाचार्यकृत-षोडशग्रन्थानुक्रमणिका लिख्यते**

હવે શ્રીમદાચાર્યચરણ વિરચિત ષોડશગ્રંથોની અનુક્રમણિકા લખવામાં આવે છે.

**तत्रादौ श्रीयमुनाष्टकम् ।।**

**तेन समस्तदुरितक्षयपूर्वकसेवोपयोगिदेहसिद्धिः स्वभावविजयश्च ।।५।।**

તે (ષોડશ ગ્રંથો)માં પહેલો શ્રીયમુનાષ્ટક (ગ્રંથ) છે. તેના પાઠથી સમસ્ત બધાજ દોષો-પાપોનો વિનાશ થઈ સેવોપયોગી દેહ (ભગવત્સેવામાં ઉપયોગી અલૌકિક શરીર) મેળવવાની સિદ્ધિ અને સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત થાય છે ।।૫।।

**श्रीबालबोधग्रन्थः ।।**

**तेन स्वमार्गज्ञाननिवृत्तिपूर्वकस्वमार्गीयधर्मादिपुरुषार्थज्ञानम् ।।६।।**

શ્રીબાલબોધ ગ્રંથ તેના પાઠથી સ્વમાર્ગ (પુષ્ટિમાર્ગ) વિષેના અજ્ઞાનની નિવૃત્તિ અર્થાત્ પોતાના માર્ગ વિષેનું અજ્ઞાન દૂર થઈ પોતાના તે) માર્ગમાં રહેલા ધર્મ વગેરે (અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર) પુરુષાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ।।૬।।

**श्रीसिद्धान्तमुक्तावलीग्रन्थः ।।**

**तेन परमतनिराकरणपूर्वकस्वसिद्धान्तनिरूपणं श्रीगङ्गादृष्टान्तेन ।।७।।**

શ્રીસિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ તેના પાઠથી પરમત નિરાકરણપૂર્વક (અર્થાત્ અન્ય મતો વિશેનો ખુલાસો થઈ) સ્વસિદ્ધાંત (પોતાના પુષ્ટિ સિદ્ધાંત)નું નિરૂપણ શ્રીગંગાનાં ઉદાહરણથી (મનમાં દૃઢ) થાય છે (અર્થાત્ જેમ જલરૂપ ગંગા આધિભૌતિક, માહાત્મ્યરૂપ ગંગા આધ્યાત્મિક તથા દેવરૂપ ગંગા આધિદૈવિક તેમ જગતરૂપ બ્રહ્મ આધિભૌતિક, અક્ષરરૂપ બ્રહ્મ આધ્યાત્મિક તથા શ્રીકૃષ્ણરૂપ પરબ્રહ્મ આધિદૈવિક એમ સ્વરૂપ વિષયક સિદ્ધાંત સ્પષ્ટ સમજાય છે) ।।૭।।

**पुष्टिप्रवाहमर्यादाग्रन्थः ।।**

**तेन पुष्टि-प्रवाह-मर्यादामार्गीय-जीवदेहकृतीनां स्वरूपज्ञानम् ।।८।।**

પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથ તેના પાઠથી, પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ ત્રણ માર્ગોના જીવો, તેમના દેહો અને તેમની કૃતિઓ (કાર્યો) વિશેનાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ।।૮।।

**सिद्धान्तरहस्यग्रन्थः ।।**

**तेन समर्पणस्वरूपज्ञानं ततः समर्पितजनैर्व्यवहारः ।।९।।**

સિદ્ધાંતરહસ્ય ગ્રંથ તેના પાઠથી પ્રભુને સમર્પણ કેવી રીતે કરવું તેના સ્વરૂપનું જ્ઞાન તથા તેથી સમર્પિતજનોએ સમર્પણ કરવાની બાબતમાં કેવી રીતે વ્યવહાર-વર્તન કરવાં તે વિશે (પણ) જ્ઞાન પ્રાપ્ત થાય છે ।।૯।।

**अन्तःकरणप्रबोध ।।**

**तेन पश्चात्तापनिवृत्तिपूर्वकस्वरूपज्ञानम् ।।१०।।**

અંતઃકરણપ્રબોધ તેના પાઠથી સર્વ પશ્ચાત્તાપ દૂર થઈ પોતાનાં સાચાં સ્વરૂપનું જ્ઞાન થાય છે ।।૧૦।।

**नवरत्नग्रन्थः ।।**

**तेन सेवाविषयाणां चिन्तानिवृत्तिः ।।११।।**

નવરત્નગ્રંથ તેના પાઠથી ભગવત્સેવાવિષયક (ભગવાનની સેવામાં આવશ્યક સામગ્રી મેળવવા માટેની તથા સેવામાં આવતા પ્રતિબંધો વગેરેની) સર્વ ચિંતાઓ દૂર થાય છે ।।૧૧।।

**विवेकधैर्याश्रयग्रन्थः ।।**

**तेन विवेकधैर्यभगवदाश्रयस्वरूपज्ञानम् ।।१२।।**

વિવેકધૈર્યાશ્રય ગ્રંથ તેના પાઠથી (હરિબધું પોતાની ઈચ્છાથી કરશે વગેરે પ્રકારે) વિવેક, (આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક-ત્રણ પ્રકારનાં દુઃખોને સહન કરવારૂપી) ધૈર્ય તથા ભગવાનનો (દઢ) આશ્રય-એ ત્રણોના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।।૧૨।।

**कृष्णाश्रयग्रन्थः ।।**

**तेन आश्रयसिद्धिः ।।१३।।**

કૃષ્ણાશ્રય ગ્રંથ તેના પાઠથી આશ્રયની સિદ્ધિ પ્રાપ્ત થાય છે (અર્થાત્ શ્રીકૃષ્ણનો અન્યાશ્રય સિદ્ધ થાય છે) ।।૧૩।।

**चतुःश्लोकीग्रन्थः ।।**

**तेन पुष्टिमार्गीयधर्मादिपुरुषार्थज्ञानम् ।।१४।।**

ચતુઃશ્લોકી ગ્રંથ તેના પાઠથી પુષ્ટિમાર્ગીય ધર્મ વગેરે (ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર) પુરુષાર્થો (ના સ્વરૂપ)નું જ્ઞાન પ્રાપ્ત થાય છે (અર્થાત્ મર્યાદામાર્ગીય ચતુર્વિધ પુરુષાર્થોથી પુષ્ટિમાર્ગીય ચતુર્વિધ પુરુષાર્થો પૃથક્ છે અને તે વૈષ્ણવોને માટે શ્રીકૃષ્ણ જ છે એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે). ।।૧૪।।

**भक्तिवर्धिनीग्रन्थः ।।**

**तेन भक्तिवृद्धिप्रकारस्नेहादिस्वरूपज्ञानम् ।।१५।।**

ભક્તિવર્ધિની ગ્રંથ તેના પાઠથી (શ્રીકૃષ્ણના પ્રત્યે) ભક્તિ કેવી રીતે વધે તેની રીત તથા સ્નેહ (પ્રેમ) વગેરે (અર્થાત્ પ્રેમ, આસક્તિ અને વ્યસનરૂપનાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।।૧૫।।

**जलभेदग्रन्थः ।।**

**तेन भक्तिमार्गीयभक्तस्वरूपज्ञानम् ।।१६।।**

જલભેદ ગ્રંથ તેના પાઠથી ભક્તિમાર્ગીય ભક્ત (પુષ્ટિમાર્ગીય ભક્ત વક્તા)નાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।।૧૬।।

**पञ्चपद्यानिग्रन्थः ।।**

**तेन श्रोतृस्वरूपज्ञानम् ।।१७।।**

પંચપદ્યાનિ ગ્રંથ તેના પાઠથી (પુષ્ટિમાર્ગીય) શ્રોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।।૧૭।।

**संन्यासनिर्णय ग्रन्थः ।।**

**तेन त्यागस्वरूपज्ञानम् ।।१८।।**

સંન્યાસનિર્ણય ગ્રંથ તેના પાઠથી (પુષ્ટિમાર્ગીય) ત્યાગ (સંન્યાસ)ના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. (અર્થાત્ પ્રભુના સતત વિરહના અનુભવરૂપ સંન્યાસનું સ્વરૂપ સમજાય છે.) ।।૧૮।।

**निरोधलक्षणग्रन्थः ।।**

**तेन प्रपञ्चविस्मृतिपूर्वकभगवदासक्तिः स्वरूपे च निरोधो भवति ।।१९।।**

નિરોધલક્ષણ ગ્રંથ તેના પાઠથી પ્રપંચ (જગત)ની વિસ્મૃતિ થઈ ભગવાનમાં આસક્તિ થાય છે અને (વ્યસનદશામાં) સેવ્ય સ્વરૂપમાં નિરોધ સિદ્ધ થાય છે (અર્થાત્ ભગવત્સ્વરૂપમાં ચિત્ત રોકાયેલું-પરોવાયેલું રહે છે). ।।૧૯।।

**सेवाफलग्रन्थः ।।**

**तेन उद्वेगादिप्रतिबन्धत्रयज्ञानम् । ततोऽपूर्वकालौकिकसामर्थ्यादिफलत्रयज्ञानम् ।।२०।।**

સેવાફલગ્રંથ તેના પાઠથી ઉદ્વેગ વગેરે (અર્થાત્ ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગરૂપ) ત્રણ પ્રતિબંધો (સેવામાં નડતાં ત્રણ અંતરાયી)નું જ્ઞાન થાય છે. ત્યાર પછી અપૂર્વ અલૌકિક સામર્થ્ય વગેરે (અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય તથા સેવોપયોગી દેહ એ) ત્રણ (સેવાના) ફળોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।।૨૦।।

**ततः पुरुषोत्तमहस्रनामादिग्रन्थानां पाठः कार्यः ।।**

પછી પુરુષોત્તમ સહસ્ર નામ વગેરે (મધુરાષ્ટક, ત્રિવિધ નામાવલી ઈત્યાદિ અન્ય) ગ્રંથોનો પાઠ કરવો જોઈએ.

।। इति श्रीहरिरायजीकृत विंशग्रन्थानुक्रमणिका संपूर्णा ।।

આ મુજબ શ્રીહરિરાયજીએ રચેલી વિંશગ્રન્થાનુક્રમણિકા (વીશ ગ્રંથોની અનુક્રમણિકા) એ નામનો ગ્રંથ સંપૂર્ણ થયો.

ગો.શ્રીપુરુષોત્તમજી વિરચિત

# ષોડશગ્રન્થાનાં સંગતિઃ

અનુવાદ તથા વિવેચન : શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ, વડોદરા.

**यमुनाष्टकेन स्वरूपयोग्यता ।।१।।**

યમુનાષ્ટકથી સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થાય છે. સેવોપયોગી દેહ, તનુનવત્વની પ્રાપ્તિ અને સ્વભાવવિજય એ સ્વરૂપયોગ્યતા છે. આ સ્વરૂપયોગ્યતા શ્રીયમુનાષ્ટક ગ્રંથના પાઠથી અને શ્રીયમુનાજીની કૃપાથી સુલભ બને છે. તેથી ષોડશગ્રંથમાં યમુનાષ્ટક પ્રથમ છે.

**स्वरूपयोग्यतायां बालबोधः ।।२।।**

સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થતાં તેને માટે બાલબોધ છે. બાલબોધ ગ્રંથથી સ્વકીયતા પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં સ્વરૂપાનન્દની પ્રાપ્તિ માટે ભગવાનની સેવાનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવત્ સેવા દ્વારા સ્વીયતા સંપાદન કરાય છે. તેથી બાલબોધ ગ્રંથ બીજો વર્ણવ્યો છે.

**स्वकीयतायां स्वमार्गोपदेशः ।।३।।**

સ્વકીયતા પ્રાપ્ત કરેલને સ્વમાર્ગનો ઉપદેશ કરાય. સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં સ્વમાર્ગનો ઉપદેશ કરેલો છે. અનુગ્રહમાર્ગ પુષ્ટિમાર્ગ છે. પ્રભુના અનુગ્રહને પ્રાપ્ત કરવા જ્ઞાન-ભક્તિ અપેક્ષિત કેવી રીતે બને છે અને એ ગુપ્ત રહસ્યના જ્ઞાનથી સંશયો દૂર કેવી રીતે થાય છે આ નિરૂપણ કરનાર ત્રીજો ગ્રંથ સિદ્ધાંત મુક્તાવલી છે.

**ततः पुष्टिमार्गीयजीवज्ञानार्थं पुष्टिप्रवाहमर्यादाग्रन्थः ।।४।।**

ત્યારબાદ પુષ્ટિજીવની ઓળખ માટે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથ છે. આમાં દેહ, ક્રિયા અને ફલનો ભેદથી જીવના ત્રણ પ્રકારનું (પુષ્ટિજીવ-મર્યાદાજીવ અને પ્રવાહજીવનું) નિરૂપણ કરી મર્યાદાજીવ અને પ્રવાહજીવથી પુષ્ટિજીવની વિશેષતા બતાવી છે તેથી ચોથો ગ્રંથ પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથ વર્ણવ્યો છે.

**ततः पुष्टिमार्गीयजीवज्ञानान्तरं इतिकर्तव्यताकाङ्क्षायां साक्षात् भगवता प्रोक्तं सिद्धान्तरहस्यम् ।।५।।**

ત્યારબાદ પુષ્ટિજીવોની ઓળખ પછી તેમના કર્તવ્યની આકાંક્ષામાં સાક્ષાત્ ભગવાને વર્ણન કરેલ સિદ્ધાન્ત રહસ્યમ્ ગ્રંથ છે. જીવોના ઉદ્ધાર માટે સરલ ઉપાય બ્રહ્મસંબંધ છે. બ્રહ્મસંબંધ એટલે સ્વસર્વસ્વના સમર્પણપૂર્વક પ્રભુને આત્મનિવેદન. એનાથી જીવગત દોષોનો નિરાસ થાય છે અને એ જીવ ભક્તિનો અધિકારી બને છે. એ જીવનો ભગવાન અંગીકાર કરે છે. આ નિરૂપણ કરનાર-સિદ્ધાન્ત રહસ્યમ્ ગ્રંથ પાંચમો વર્ણન કરવામાં આવ્યો છે.

**भगवता अङ्गीकृतं न वा इति चिन्तानिवृत्यर्थं नवरत्नम् ।।६।।**

ત્યારબાદ ભગવાને મારો અંગીકાર કર્યો છે કે નહીં એવી ચિંતાની નિવૃત્તિ માટે નવરત્નમ્ ગ્રંથ છે. બ્રહ્મસંબંધ કરેલ જીવે કોઈ પણ સમયે કોઈ પણ પ્રકારની ચિંતા કરવી નહીં. કારણકે સર્વ સમર્થ પ્રભુના કૃપામાર્ગમાં એ સ્થિત છે. આ નિરૂપણ છઠ્ઠા ગ્રંથ નરવત્નમ્માં કરવામાં આવેલ છે.

**ततः आन्तरोपदेशार्थं अन्तःकरणप्रबोधः ।।७।।**

ત્યારબાદ આંતર ઉપદેશ માટે અન્તઃકરણ પ્રબોધ છે. જીવે પણ પોતાનાં અન્તઃકરણને સાવધાન કરી આ ગ્રંથમાં પ્રતિપાદિત સિદ્ધાંતોનું પાલન કરવાનું છે. ભગવત્ સેવા કરવી એ પરમપુરુષાર્થ છે. સેવામાં આવતાં વિઘ્નો ભગવાનના આશ્રયથી દૂર થાય છે. આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીને પોતાનાં અન્તઃકરણને નિમિત્ત બનાવી કહ્યો છે. સાતમા ગ્રંથરૂપે અન્તઃકરણ પ્રબોધ ગ્રંથ કહેવામાં આવ્યો છે.

**अन्तःकरणोपदेशानन्तरं तदङ्गोपदेशो विवेकधैर्याश्रयग्रन्थेन ।।८।।**

અન્તઃકરણોપદેશ પછી તેના અંગરૂપ ઉપદેશ એ વિવેકધૈર્યાશ્રય ગ્રંથ છે. બુદ્ધિનો ધર્મ વિવેક છે, શરીરનો ધર્મ ધૈર્ય છે, અન્તઃકરણનો ધર્મ આશ્રય છે. આશ્રય સાધનરૂપ અને ફલરૂપ એમ બે પ્રકારનો છે. પ્રભુ જે કાંઈ કરે છે સર્વના હિત માટે જ હોય છે. જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં નિજેચ્છાથી પ્રભુ જે કાંઈ કરે તે એની લીલા છે. એમાં મારે ચિંતા કરવાની ન હોય આવું બુદ્ધિથી વિચારવું એ વિવેક છે. અનેક પ્રકારનાં દુઃખ સહજ રીતે સહન કરી લેવાં એ શરીર ધર્મ ધૈર્ય છે. સર્વત્ર સર્વરૂપે પ્રભુ બિરાજે છે એ પ્રભુનો આશ્રય કરી લેવો એ અન્તઃકરણનો ધર્મ છે. આ નિરૂપણ કરતો આઠમો ગ્રંથ વિવૈકધૈર્યાશ્રય છે.

**विवेकधैर्याभावोऽपि आश्रयएव कर्तव्येति तदर्थमाश्रयः ।।९।।**

વિવેક-ધૈર્યના અભાવમાં પણ આશ્રય જ કરવો એ જણાવવા કૃષ્ણાશ્રય ગ્રંથ છે. ભગવાનની પ્રાપ્તિ ભગવાનના અનુગ્રહથી જ થઈ શકે, તે માટે સર્વસ્વનિવેદન તથા શરણાગતિ જ મુખ્ય છે. દશલીલાયુક્ત શ્રીકૃષ્ણ એકજ આશ્રયણીય છે. આ નિરૂપણ નવમા ગ્રંથ કૃષ્ણાશ્રયમાં છે.

**ततो भक्तिवृद्ध्यर्थं भक्तिवर्द्धिनी ।।१०।।**

ત્યારબાદ ભક્તિવૃદ્ધિ માટે ભક્તિવર્દ્ધિની ગ્રંથ છે. ભગવલ્લીલા શ્રવણ, ગુણસંકીર્તન, દુઃસંગત્યાગ, સેવા, કથા, પ્રભુનાં સ્થાનમાં નિવાસ આ બધા ભક્તિવૃદ્ધિમાં બીજભાવે છે. આ સાધનોથી ભક્તિની વૃદ્ધિ થાય છે એ નિરૂપણ દશમા ભક્તિવર્દ્ધિની ગ્રંથમાં છે.

**भक्तिवर्द्धिन्युत्तरत्रोपदिष्टश्रवणार्थं जलभेदः ।।११।।**

ભક્તિવર્દ્ધિની પછી ઉપદિષ્ટ સિદ્ધાંતોના શ્રવણ માટે જલભેદગ્રંથ છે. આમાં ગાયક વક્તાઓના ભેદનું વર્ણન છે. જલના સ્થાન ભેદથી વીસ ભેદ બતાવી તેનાં દષ્ટાંતોથી વક્તાઓના ભેદનું વર્ણન કર્યુ છે. સગુણના નવભેદ નિર્ગુણનો એક ભેદ એમ દશ ભેદ અને દશ મર્યાદાના તથા દશ પુષ્ટિના એમ વીસ ભેદનું નિરૂપણ અગિયારમા જલભેદ ગ્રંથમાં કરેલ છે.

**जलभेदोक्तवक्त(क्तुः) शङ्कानाशात् श्रवणाधिकारश्रोतृज्ञानार्थं स्वतन्त्राणि पञ्चपद्यानि ।।१२।।**

જલભેદમાં વર્ણન કરેલ વક્તા વિષય શંકા દૂર કરી શ્રવણના અધિકારમાં શ્રોતાનાં લક્ષણ વર્ણન કરવા સ્વતંત્ર પંચપદ્યાનિ ગ્રંથ વર્ણન કરેલ છે.

વક્તા અને શ્રોતા એકબીજા સાથે સંકળાયેલા છે. શ્રોતા વિના વક્તા શ્રવણ કોને કરાવે અને શ્રોતા પણ વક્તા વિના શ્રવણ કેમ કરી શકે? તેથી જલભેદમાં વક્તાનાં લક્ષણ વર્ણન કરી પંચપદ્યાનિમાં શ્રોતાના ભેદ બતાવે છે. (૧)શુદ્ધ

પુષ્ટિમાર્ગી શ્રોતા, (૨)પુષ્ટિ-મર્યાદામાર્ગીય શ્રોતા, (૩)મર્યાદા-પુષ્ટિમાર્ગીય શ્રોતા, (૪)સાધારણ શ્રોતા. આમ શ્રોતાઓનાં લક્ષણ વર્ણન કરતો બારમો પંચપદ્યાનિ ગ્રંથ નિરૂપણ કરેલ છે.

**ततः स्वमार्गीयचतुर्विधपुरुषार्थज्ञानार्थं चतुःश्लोकी ।।१३।।**

ત્યારપછી સ્વમાર્ગીય ચાર પ્રકારના પુરુષાર્થના જ્ઞાન માટે ચતુઃશ્લોકી ગ્રંથ છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુના દાસ થવું એ ધર્મ છે. પ્રભુ એજ અર્થ છે. પ્રભુનાં દર્શનની અભિલાષા એ કામ છે અને પ્રભુમાં સર્વદા ચિત્તની સ્થિતિએ મોક્ષ છે. આમ વર્ણન તેરમા ગ્રંથ ચતુઃશ્લોકીમાં કરવામાં આવેલ છે.

**ततः स्वमार्गीयसंन्यासज्ञानार्थं संन्यासनिर्णयः ।।१४।।**

ત્યારપછી સ્વમાર્ગીય સંન્યાસના જ્ઞાન માટે સંન્યાસનિર્ણય ગ્રંથ છે. કર્મમાર્ગીય સંન્યાસ અને જ્ઞાનમાર્ગીય સંન્યાસ વર્તમાનકાળમાં દુષ્કર હોવાથી તેનો નિષેધ કરી ભક્તિમાર્ગીય સંન્યાસ જે ભગવદ્ વિરહાનુભવાર્થ ઉપયુ છે તેનું નિરૂપણ ચૌદમા સંન્યાસનિર્ણય ગ્રંથમાં કરેલ છે.

**संन्याससाधनोपदेशो निरोधलक्षणग्रन्थेन ।।१५।।**

સંન્યાસગત સાધનોનો ઉપદેશ નિરોધલક્ષણ ગ્રંથથી કર્યો છે. નિરોધનો અર્થ પ્રપંચ (સંસાર)ની વિસ્મૃતિપૂર્વક ભગવાનમાં આસક્તિ થવી. સાધન અને ફલરૂપે નિરોધનું નિરૂપણ કર્યું છે. તેમજ ત્રણ પ્રકારની તેની અવસ્થાઓનું વર્ણન પણ પંદરમા નિરોધલક્ષણ ગ્રંથમાં આપેલ છે.

**एवं प्रवर्तमानस्य अधिकारिणो फलं सेवाफलग्रन्थेन ।।१६।।**

આ પ્રકારના અધિકારીઓને પ્રાપ્ત થતા ફલનું નિરૂપણ સેવાફલ ગ્રંથથી કરવામાં આવેલ છે.

ગો.શ્રીદ્વારકેશજી વિરચિત

# ષોડશગ્રંથોની સંગતિઃ

અનુવાદ તથા વિવેચન : શાસ્ત્રી શ્રીપ્રદ્યુમ્નભાઈ, વડોદરા.

**तत्र ग्रन्थक्रमः पूर्वमुच्यते–**

પૂર્વમાં ગ્રંથક્રમ કહેવામાં આવે છે–

**यमुनाष्टकमादौ तु श्रीकृष्णास्यं हि निर्ममे ।**
**मुकुन्दरतिसिद्ध्यर्थं दुरितक्षयपूर्वतः ।।३।।**

દૂરિત દોષ નાશ પૂર્વક મુકુન્દપ્રભુની રતિ ભક્તિ સિદ્ધિ માટે ષોડશ ગ્રંથમાં પ્રથમ યમુનાષ્ટક(૧)ની રચના પ્રભુના મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભાધીશે કરી છે.

**स्वभावविजयार्थं च मुरस्यारेश्च तुष्टये ।**
**(जीवैस्तु नमनाधिक्यं नैव कर्त्तुं हि शक्यते ।)**
**नमनाद् अतिरिक्तं तु कर्त्तुं जीवैर्न शक्यते ।।४।।**

સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરવા અને મુરારિ પ્રભુને પ્રસન્ન કરવા માટે જીવો પાસે પ્રભુને નમનથી અતિરિક્ત અન્ય કોઈ સાધન નથી.

**कृष्णस्य निरपेक्षत्वाद् इति स्वान्ते विचार्य हि ।**
**अधिकारस्य सिद्ध्यर्थं यमुनाष्टकमुज्जगौ ।।५।।**

કૃષ્ણને કોઈ અપેક્ષા નથી પોતાના હૃદયમાં વિચારીને જ અધિકાર સિદ્ધિ માટે યમુનાષ્ટકનું પ્રથમ ગાન કર્યું.

**अग्रेऽधिकारसिद्धेस्तु कर्तव्यज्ञापनाय वै ।**
**सुपुरुषार्थसङ्क्षेपं बालबोधे न्यरूपयत् ।।६।।**

પૂર્વે અધિકાર સિદ્ધ થયા પછી આગળ કર્તવ્ય જણાવવા માટે ઉત્તમ પુરુષાર્થોનું સંક્ષેપથી બાલબોધ(૨) ગ્રંથમાં વર્ણન કર્યું છે.

**पुरुषार्थपरिज्ञाने साध्यसाधनभावतः ।**
**सिद्धान्तमुक्तावल्यां तु सेवारूपं न्यदर्शयत् ।।७।।**

પુરુષાર્થનું જ્ઞાન થયા પછી સાધ્ય સાધનના ભાવથી (સાધ્યરૂપેસાધનરૂપે) સેવાનું રૂપ સિદ્ધાન્ત મુક્તાવલી(૩)માં દર્શાવ્યું છે.

**तत्र –**
**सेवा च द्विविधा प्रोक्ता बाह्याभ्यन्तरभेदतः ।**
**तन्निर्वाहाय सिद्धान्तरहस्यं प्रभुरुक्तवान् ।।८।।**

બે પ્રકારની સેવા બાહ્ય અને આભ્યન્તર ભેદથી સિદ્ધાંતમુક્તાવલીમાં બતાવી છે તે સેવાના નિર્વાહને માટે સિદ્ધાન્ત રહસ્ય(૪) ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ વર્ણન કર્યો છે.

**तत्र बाह्यपदार्थानां शुद्धिरुक्ता समर्पणे ।**
**आन्तराणां तु शुद्ध्यर्थं नवरत्नं तथा पुनः ।।९।।**

તેમાં બાહ્ય પદાર્થોની શુદ્ધિ (સિદ્ધાંત રહસ્યમાં) સમર્પણથી વર્ણવી અને આંતર શુદ્ધિ માટે નવરત્ન(૫) ગ્રંથ વર્ણન કર્યો.

**अन्तःकरणसम्बोधं प्रकटीकृतवान् स्वयम् ।**
**बाह्याभ्यन्तरयोः शुद्धिम् एवम् उत्पाद्य मत्प्रभुः ।।१०।।**

બાહ્ય અને અંતરની શુદ્ધિ મારા પ્રભુએ આ પ્રમાણે પ્રકટ કરીને પુનઃ પોતે જ અન્તઃકરણ સંબોધ (પ્રબોધ)(૬) ગ્રંથ પ્રકટ કર્યો.

**तन्निर्वाहार्थं विवेकधैर्याश्रयमरीरचत् ।**
**तत्राश्रयश्चित्तदोषान् न स्थिरो भवतीति हि ।।११।।**

(અન્તઃકરણપ્રબોધ ગ્રંથ જણાવેલ બાબતોના) નિર્વાહને માટે વિવેકધૈર્યાશ્રય(૭) ગ્રંથની રચના કરી. તેમાં આશ્રય ચિત્ત દોષના કારણે સ્થિર થતો નથી જ.

**विचार्य कृष्णाश्रयाख्यं ग्रन्थं सूक्ष्मं न्यरूपयत् ।**
**आश्रये तु स्थिरे सिद्धे स्वकीयार्थप्रसिद्धये ।।१२।।**

એમ વિચારી કૃષ્ણાશ્રય(૮) નામનો ગ્રંથ સૂક્ષ્મરૂપે વર્ણન કર્યો. આશ્રય સ્થિત થતાં પોતાનો અર્થ સિદ્ધ કરવા-

**चतुःश्लोकी चकाराग्निरुद्दिश्य स्वमनः प्रति ।**
**ततो मार्गत्रयस्यापि बोधनार्थं कृपानिधिः ।।१३।।**

સ્વમન પ્રતિ ચતુઃશ્લોકી(૯) ગ્રંથની રચના કરી. ત્યારપછી પુષ્ટિપ્રવાહમર્યાદા ત્રણ માર્ગનું જ્ઞાન કરાવવા પુષ્ટિપ્રવાહ મર્યાદા(૧૦) ગ્રંથની રચના કરી.

**पुष्टिप्रवाहमर्यादाग्रन्थं गूढमचीकरत् ।**
**एवं भक्तिप्रकरणं महाकारुणिकस्ततः ।।१४।।**

પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથની રચના કરી. આ પ્રમાણે મહાકારુણિકે ભક્તિ પ્રકરણ દઢ કરી પછી ।।૧૪।।

**दृढीकृत्य प्रवृद्ध्यर्थमकरोद्भक्तिवर्द्धिनीम् ।**
**एवं भक्तिं वर्धयित्वा जलभेदमिषेण तु ।।१५।।**
**भक्तानां लक्षणं प्राह सर्ववादिनिरासकृत् ।**
**पद्यानि च तदर्थं हि प्रोवाच निखिलेष्टः ।।१६।।**

તે પછી ભક્તિની પ્રવૃદ્ધિ માટે ભક્તિવર્દ્ધિની(૧૧) ગ્રંથની રચના કરી. એ પ્રમાણે ભક્તિની વૃદ્ધિ કરી પછી જલભેદ(૧૨) ના નિમિત્તે ।।૧૫।। સર્વવાદીઓનો નિરાસ કરનાર (શ્રીમહાપ્રભુજીએ) ભક્તોનાં લક્ષણ જણાવ્યાં.

(ત્યારપછી) નિખિલ ઈષ્ટને આપનારા (શ્રીવલ્લભે) તેના અર્થે (જલભેદમાં કહેવાયેલ વક્તાઓનાં લક્ષણથી પુષ્ટિમાર્ગીય ભક્ત-વક્તાઓએ ભગવચ્ચર્ચા ક્યાં-કેવી કરવી તે અર્થે) પંચપદ્યાનિ(૧૩) ગ્રંથ કહ્યો ।।૧૬।।

**उक्तश्च भक्तिवर्द्धिन्यां त्यागो भक्तिविवर्द्धनः ।**
**अतस्तस्य विवेकार्थं संन्यासो निर्णयं जगौ ।।१७।।**

અને ભક્તિવર્દ્ધિનીમાં ભક્તિની વૃદ્ધિ કરનાર ત્યાગનું વર્ણન કર્યું. અને એ ત્યાગના વિવેક-વિચાર માટે સંન્યાસ-નિર્ણય(૧૪) ગ્રંથ કહ્યો.

**भावसिद्धौ भावनैव साधनं त्वपरं न हि ।**
**निरोधलक्षणे भावं व्रजस्थानामतश्चकौ ।।१८।।**

ભાવ સિદ્ધિમાં ભાવના જ સાધન છે બીજું કોઈ સાધન નથી તેથી નિરોધલક્ષણ(૧૫)માં વ્રજભક્તોના ભાવનું વર્ણન કર્યું.

**इत्थं पञ्चदशग्रन्थैर्भावं संसाध्य कारणम् ।**
**उद्वेगप्रतिबन्धानां साधनैर्वारणैः सह ।।१९।।**
**फलं स कथयांश्चक्रे सेवाफलनिरूपणम् ।**
**तस्याप्यतिदुरूहत्वाद्विवृतिं चाकरोद् विभुः ।।२०।।**

આમ પંદર ગ્રંથો વડે (ભાવમાં અથવા ફલની સિદ્ધિમાં બાધક એવા) ઉદ્વેગ-પ્રતિબંધને તે થવાનું કારણ, તેનું નિવારણ અને નિવારણ સાધનો સહિત ।।૧૯।। ફળ વર્ણન સેવાફલ નિરૂપણ(૧૬) ગ્રંથમાં દર્શાવ્યું. તે પણ અતિ દુરુહ હોવાથી વિવૃત્તિ(૧૬/૧)ની રચના કરી.

**एवं षोडभिर्ग्रन्थैः पुरुषोत्तमसेवनम् ।**
**प्रतिपाद्य फलत्वेन चक्रे जीवोद्धृतिं विभुः ।।२१।।**

આમ ષોડશગ્રંથો વડે પુરુષોત્તમની સેવાનું પ્રતિપાદન કરી જીવનો ઉદ્ધાર સમર્થ શ્રીવલ્લભે કર્યો.

**अवतारदशायां तु उद्धृती रूपदर्शनात् ।**
**इह नामात्मकैग्रन्थैः स्वदासानां सदोद्धृतिः ।।२२।।**
**तस्मात्सर्वप्रयत्नेन दैवैः कर्तव्यमेव हि ।**
**सेवनं श्रीव्रजेशस्य तद्ग्रन्थानां च पाठनम् ।।२३।।**

ભગવાનની અવતાર દશામાં ભગવાનનાં સ્વરૂપ દર્શનથી ઉદ્ધૃતિ થાય છે, (પરન્તુ) અત્યારે નામાત્મક ગ્રંથો વડે પોતાના દાસોની સદા ઉદ્ધૃતિ છે ।।૨૨।। તેથી સર્વ પ્રકારના પ્રયત્ન વડે શ્રીવ્રજેશપ્રભુનું સેવન અને તેમના સંબંધી (શ્રીઆચાર્યચરણ વિરચિત) ગ્રંથોનું પઠન-પાઠન દૈવી જીવોએ નિશ્ચયે કર્યું ।।૨૩।।